## પેજ 3



### કરીના-સૈફના પુત્ર જેહના 5મા જન્મ દિવસની ઉજવણી થઇ

મુંબઈ, તા. 21: કરીના કપૂર અને સૈફ અલી ખાનના પુત્ર જેહના 5મા જન્મદિવસની 'નારૂટો' થીમ આધારિત શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ ખાસ પ્રસંગે પરિવારના સભ્યો સોહા અલી ખાન, સબા પટૌડી, કરિશ્મા કપૂર અને નેહા ધૂપિયા પણ હાજર રહ્યા હતા.સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી તસવીરોમાં જેહ ત્રણ માળની શાનદાર બર્થડે કેક પાસે ઊભેલો જોવા મળે છે, જે નારૂટો થીમ આધારિત કૂકીઝથી સજાવેલી હતી. એક ફોટામાં કરીનાએ જેહને તેડેલો છે, જેમાં તે ગર્વથી તેના હાથમાં રહેલી નારૂટો કૂકીઝ બતાવી રહ્યો છે. જેહની પ્રાઇવસી જાળવવા માટે તેના ચહેરા પર હાર્ટ ઈમોજી મૂકવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં સૈફ અને તૈમૂર પણ જેહની પડખે જોવા મળ્યા હતા.

### અલ્લુ અર્જુને અલ્લુ શિરીષ-નયનિકાનાં લગ્ન પહેલાં કોકટેલ પાર્ટીનું આયોજન કર્યું



ચેન્નાઈ, તા. 21: અલ્લુ અર્જુનનો નાનો ભાઇ અલ્લુ શિરીષ 6 માર્ચે નયનિકા રેડ્ડી સાથે લગ્ન કરવા જઈ રહ્યો છે અને હૈદરાબાદમાં લગ્ન પહેલાંની ઉજવણીઓ શરૂ થઈ ગઈ છે. અલ્લુ અર્જુન અને પરિવારે એક ખાનગી કોકટેલ સેરેમનીનું આયોજન કર્યું હતું અને આ સેરેમનીમાં ટોલીવુડની જાણીતી હસ્તીઓની હાજરીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જે તેલુગુ ફિલ્મ ઉદ્યોગમાં પરિવારના પ્રભુત્વને પ્રતિબિંબિત કરે છે. લગ્ન પૂર્વેની ઉજવણીની શરૂઆત દુબઈમાં યોજાયેલી ચોટ પાર્ટીથી થઈ હતી, જે બાદ 'પસુપુ' વિધિ સહિતની પરંપરાગત વિધિઓ યોજાઈ હતી. પરિવારે બાદમાં એક ખાનગી મેળાવડાનું આયોજન કર્યું હતું, જે કપલ માટેના શ્રેણીબદ્ધ ઉત્સવોની શરૂઆત હતી. પરિવારના નિવાસસ્થાને આયોજિત આ પાર્ટી ખૂબ નાની હતી.

### સલીમ ખાનની ખબર પૂછવા હોસ્પિટલમાં પહોંચી મલાઇકા અરોરા




મુંબઈ, તા. 21: ખાન પરિવાર અત્યારે મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે. સલમાન ખાનના પિતા અને જાણીતા સ્ક્રીનરાઇટર સલીમ ખાન છેલ્લા કેટલાક દિવસોથી મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ છે. આવી સ્થિતિમાં આખો પરિવાર સતત હોસ્પિટલના ચક્કર લગાવી રહ્યો છે. દરેક વ્યક્તિ સલીમ ખાનના સ્વાસ્થ્યને લઈને ચિંતિત છે. હવે ખાન પરિવારની ભૂતપૂર્વ વહુ મલાઇકા અરોરા પણ સલીમ ખાનના ખબરઅંતર પૂછવા હોસ્પટલ પહોંચી હતી. અરબાઝ ખાનની પૂર્વ પત્ની મલાઇકા અરોરા લીલાવતી હોસ્પિટલની બહાર જોવા મળી હતી. મલાઇકા તેના પુત્ર અરહાન ખાન સાથે સલીમ ખાનના ખબર-અંતર પૂછવા હોસ્પિટલ પહોંચી હતી. ગાડીમાંથી ઊતરીને મલાઇકા સીધી હોસ્પિટલની અંદર ગઈ હતી. મલાઇકા થોડી ગભરાયેલી જણાતી હતી અને સલીમ ખાનની તબિયતને લઈને તેના ચહેરા પર ચિંતા સ્પષ્ટ દેખાતી હતી.

# ખામેનેઈ અને તેના પુત્રને મારી નાખવાની અમેરિકાની વિચારણા

**લક્ષિત** હુમલો કરીને ઇરાનના સર્વોચ્ચ નેતા અને તેમના પુત્રની હત્યા કરવાની

**યોજના** એક વિકલ્પ તરીકે ટ્રમ્પ સમક્ષ મૂકાઇ

**અમેરિકાના** સંરક્ષણ વિભાગે બીજા પણ અનેક લશ્કરી વિકલ્પો રજૂ કર્યા છે



વૉશિંગ્ટન, તા. ૨૧: એક અહેવાલ મુજબ, વરિષ્ઠ વહીવટી સૂત્રોને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સમક્ષ ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈ અને તેમના પુત્ર મોજતબા ખામેનેઈની લક્ષિત હત્યા સહિતના લશ્કરી વિકલ્પો રજૂ કરવામાં આવ્યા છે. ચર્ચાયેલા વિકલ્પો પૈકી એકમાં ખામેનેઇ, તેમના પુત્ર અને મુલ્લાઓનો સફાયો કરવાની યોજના સામેલ છે, તે મુજબ ટ્રમ્પના એક વરિષ્ઠ સલાહકારે ખામેનેઈ અને તેમના પુત્રનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું. જો કે, સલાહકારે ભારપૂર્વક જણાવ્યું હતું કે હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી. સૂત્રએ આ બાબતની અનિશ્ચિતતા પર ભાર મૂકતા કહ્યું કે, રાષ્ટ્રપતિએ હજુ હુમલો કરવાનો નિર્ણય લીધો નથી. મને ખબર છે કારણ કે આપણે હજુ સુધી હુમલો કર્યો નથી. કદાચ તેઓ ક્યારેય આવું ન પણ કરે. તેઓ કદાચ આવતીકાલે સવારે જાગીને એમ પણ કહી શકે કે, 'બસ હવે ઘણું થયું'.

અહેવાલ મુજબ, અમેરિકી સંરક્ષણ વિભાગે ટ્રમ્પ સમક્ષ અનેક લશ્કરી વિકલ્પો રજૂ કર્યા છે. સલાહકારે ઉમેર્યું કે, તેમની પાસે દરેક પરિસ્થિતિ માટે કંઈક ને કંઈક તૈયાર છે. રાષ્ટ્રપતિ શું પસંદ કરશે તે કોઈ જાણતું નથી. મને નથી લાગતું કે તેઓ પોતે પણ અત્યારે તે જાણતા હોય. બીજા એક સૂત્રએ પુષ્ટિ કરી હતી કે ખામેનેઈ અને તેમના પુત્રને મારી નાખવા સાથે સંકળાયેલી યોજના ટ્રમ્પ સમક્ષ થોડા અઠવાડિયા પહેલા રજૂ કરવામાં આવી હતી, જે દર્શાવે છે કે આવી શક્યતા પર છેલ્લા કેટલાક સમયથી વિચારણા ચાલી રહી છે. અન્ય એક વરિષ્ઠ સલાહકારે જણાવ્યું કે ટ્રમ્પ જાણીજોઈને વ્યૂહાત્મક અસ્પષ્ટતા જાળવી રહ્યા છે. અધિકારીએ કહ્યું, ટ્રમ્પ તેમના વિકલ્પો ખુલ્લા રાખી રહ્યા છે. તેઓ કોઈપણ ક્ષણે હુમલાનો નિર્ણય લઈ શકે છે.

# 88 દેશો અને સંગઠનોએ નવી દિલ્હી ઢંઢેરો સ્વીકાર્યો

**એઆઇ** ફોર ઓલને વ્યાપક સમર્થન

નવી દિલ્હી, તા. 21 (PTI): આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) પર વૈશ્વિક સહમતિના એક મહત્ત્વપૂર્ણ પ્રદર્શનમાં 88 દેશો અને આંતરરાષ્ટ્રીય સંગઠનોએ 'નવી દિલ્હી ડિક્લેરેશન ઓન એઆઈ ઈમ્પેક્ટ'નો સ્વીકાર કર્યો છે. આ સમજૂતી હેઠળ એઆઈના ફાયદા 'સમગ્ર માનવતામાં સમાન રીતે વહેંચવામાં આવે' તે સુનિશ્ચિત કરવાની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી છે.

'એઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026'ના સમાપન પર અપનાવવામાં આવેલ આ ઘોષણાપત્ર સહયોગી, વિશ્વસનીય અને કાર્યક્ષમ એઆઈ સિસ્ટમ માટે એક સહિયારા વિઝનને રજૂ કરે છે. ભારત આમાં 'એઆઈ ફોર ઓલ' (સૌ માટે એઆઈ) ના આહ્વાન સાથે નેતૃત્વ કરી રહ્યું છે, જે સમાનતા, સુલભતા અને વૈશ્વિક સહયોગ પર આધારિત છે.

'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ના સિદ્ધાંત પર આધારિત આ દસ્તાવેજ ભારપૂર્વક જણાવે છે કે, એઆઈના વચનો ત્યારે જ સાકાર થઈ શકે જ્યારે તેના લાભો માનવજાત વચ્ચે વહેંચવામાં આવે. તે આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત કરવા, વિવિધ હિતધારકોની સંલગ્નતા અને સુલભ અને ભરોસાપાત્ર એઆઈ ફ્રેમવર્કને આગળ વધારતી વખતે રાષ્ટ્રીય સાર્વભૌમત્વના સન્માનની અપીલ કરે છે.

આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે પત્રકારોને જણાવ્યું હતું કે, ''વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માનવ-કેન્દ્રીય એઆઈ વિઝનને વિશ્વએ સ્વીકાર્યું છે. આ ઘોષણાપત્ર સાત સ્તંભો – જેને 'ચક્રો' તરીકે ઓળખવામાં આવે છે – તેની આસપાસ તૈયાર કરવામાં આવ્યું છે, જે મુખ્ય કાર્યક્ષેત્રોને રેખાંકિત કરે છે:

જેમાં એઆઈ સંસાધનોનું લોકશાહીકરણ, આર્થિક વૃદ્ધિ અને સામાજિક કલ્યાણ, સુરક્ષિત અને વિશ્વસનીય એઆઈ, વિજ્ઞાન માટે એઆઈ, સામાજિક સશક્તિકરણ માટે પહોંચ, માનવ મૂડીનો વિકાસ અને સ્થિતિસ્થાપક, કાર્યક્ષમ અને નવીન એઆઈ સિસ્ટમ્સનો સમાવેશ થાય છે.

# લેબનોનમાં ઈઝરાયેલના હુમલામાં 12 લોકોનાં મોત

**ઈઝરાયેલની** સેનાએ એન અલ-હિલવેહ કેમ્પમાં 'હમાસ કમાન્ડ સેન્ટર' પર હુમલો કર્યો

બેરૂત, તા. 21 (AP): લેબનોનના પૂર્વી બેકા વેલીમાં શુક્રવારે ઈઝરાયેલના હુમલામાં ત્રણ બાળકો સહિત ઓછામાં ઓછા 10 લોકો માર્યા ગયા હતા અને 24 ઘાયલ થયા હતા, તેમ લેબનોનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું. દિવસની શરૂઆતમાં પેલેસ્ટિનિયન શરણાર્થી શિબિર પર ઈઝરાયેલના હુમલામાં અન્ય બે લોકો માર્યા ગયા હતા.ઈઝરાયેલે કહ્યું હતું કે, તેણે બેકા વેલીમાં લેબનીઝ આતંકવાદી જૂથ હિઝબુલ્લાહના 'કમાન્ડ સેન્ટર્સ' પર હુમલો કર્યો છે. આ સંગઠન તરફથી તાત્કાલિક કોઈ નિવેદન આવ્યું નથી.

બેકા વેલીમાં થયેલા હુમલાના સ્થળના સ્થાનિક ટેલિવિઝન ફૂટેજમાં જાણવા મળ્યું છે કે, નિશાન બનાવવામાં આવેલી જગ્યા એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગ હોવાનું જણાય છે અને ઈમરજન્સી ટીમો આગ ઓલવી રહી હતી અને કાટમાળમાં બચેલા લોકોની શોધ કરી રહી હતી.

અગાઉ શુક્રવારે અન્ય એક ઈઝરાયેલ હુમલો સિડોન બંદર શહેરમાં પેલેસ્ટિનિયન શરણાર્થી શિબિર પર થયો હતો, જેમાં બે લોકોનાં મોત થયાં હતાં. ઈઝરાયેલની સેનાએ જણાવ્યું હતું કે, તેણે એન અલ-હિલવેહ કેમ્પમાં 'હમાસ કમાન્ડ સેન્ટર' પર હુમલો કર્યો હતો. હમાસે સ્વીકાર્યું કે, આ હુમલામાં તેના બે સભ્યો માર્યા ગયા છે, પરંતુ કમાન્ડ સેન્ટર પર હુમલો કરવામાં આવ્યો હોવાના દાવાને 'નબળું બહાનું' ગણાવ્યું હતું. તેણે કહ્યું કે જે ઈમારતને નિશાન બનાવવામાં આવી હતી તે વિવિધ પેલેસ્ટિનિયન જૂથોની બનેલી સંયુક્ત સુરક્ષા દળની હતી જેને કેમ્પમાં સુરક્ષા જાળવવાનું કામ સોંપવામાં આવ્યું છે.

# ટ્રમ્પે ટેરિફ દ્વારા $133 અબજ એકત્ર કર્યા: હવે આ નાણાં કોને મળશે?

**રૂ. 11** લાખ કરોડ ટેરિફ થકી વસૂલાયા, લોકોને પાછા નહીં મળે! કંપનીઓએ રિફંડ માટે લાઈનો લગાવી

**વચગાળાની વસૂલાત:** યુએસ કસ્ટમ્સ એજન્સીના ડેટા મુજબ, ડિસેમ્બરના મધ્ય સુધીમાં 133 અબજ ડોલર ટેરિફ તરીકે એકત્ર કરવામાં આવ્યા છે. કેટલાક અંદાજો મુજબ આ રકમ 175 અબજ ડોલર સુધી હોઈ શકે છે.

**રીફંડની માંગ:** ઇલિનોઇસના ગવર્નર જેબી પ્રિત્ઝકરે ટ્રમ્પને પત્ર લખીને તેમના રાજ્યના પરિવારો માટે 9 અબજ ડોલર ના રીફંડની માંગ કરી છે. તેમણે આક્ષેપ કર્યો કે આ ટેરિફને કારણે ખેડૂતો હેરાન થયા છે અને જીવનજરૂરી વસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે.

**રીફંડ પ્રક્રિયામાં મુશ્કેલીઓ**

**ટ્રમ્પનું નિવેદન:** રાષ્ટ્રપતિ ટ્રમ્પે પોતે સ્વીકાર્યું છે કે રીફંડની પ્રક્રિયામાં વર્ષો લાગી શકે છે. તેમણે શુક્રવારે કહ્યું, "મને લાગે છે કે આગામી બે વર્ષ સુધી આ બાબતે કાયદાકીય લડાઈ ચાલશે. કદાચ આપણે આગામી પાંચ વર્ષ સુધી કોર્ટમાં હોઈશું."

**કોને મળશે પૈસા?** નિષ્ણાતો માને છે કે સામાન્ય જનતાને સીધા પૈસા મળવાની શક્યતા ઓછી છે. આ નાણાં કદાચ તે કંપનીઓને પાછા મળી શકે છે જેમણે આયાત કરતી વખતે આ ડ્યૂટી ભરી હતી. જોકે, ગ્રાહકોએ વસ્તુઓ મોંઘા ભાવે ખરીદી હોવા છતાં તેમને વળતર મળવાની આશા ઓછી છે.

**કાનૂની ગૂંચવણ:** જસ્ટિસ બ્રેટ કેવેનોએ ચેતવણી આપી છે કે રીફંડની પ્રક્રિયા એક "મેસ" (ખૂબ જ જટિલ ગૂંચવણ) સાબિત થશે, કારણ કે હજારો આયાતકારો અને અબજો ડોલરનો મામલો છે.

**કંપનીઓની તૈયારી:**

કોસ્ટકો, રેવલોન અને બમ્બલ બી ફૂડ્સ જેવી મોટી કંપનીઓએ સુપ્રીમ કોર્ટના ચુકાદા પહેલા જ રીફંડ માટે કેસ દાખલ કરી દીધા હતા જેથી તેઓ લાઈનમાં સૌથી આગળ રહી શકે.

### ટ્રમ્પના ટેરિફ આદેશને પડકારનારા ભારતીય મૂળના વકીલ: નીલ કાત્યાલ



**વોશિંગ્ટન, તા. 21 :** અમેરિકાની સુપ્રીમ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પના વૈશ્વિક ટેરિફને રદ કરીને તેમને મોટો આંચકો આપ્યો છે. આ ઐતિહાસિક કાનૂની લડાઈના કેન્દ્રમાં અમેરિકાના ભૂતપૂર્વ એક્ટિંગ સોલિસિટર જનરલ અને ભારતીય ઇમિગ્રન્ટ્સના પુત્ર- ભારતીય મૂળના વકીલ નીલ કાત્યાલ રહ્યા છે, જેમણે કોર્ટમાં નાના વેપારીઓના જૂથનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

કાદા પછી કાત્યાલે કહ્યું, "આજે યુએસ સુપ્રીમ કોર્ટે કાયદાના શાસન અને અમેરિકનોના પક્ષમાં સ્ટેન્ડ લીધું છે. સંદેશ સ્પષ્ટ છે: રાષ્ટ્રપતિઓ શક્તિશાળી હોય છે, પરંતુ આપણું બંધારણ તેનાથી પણ વધુ શક્તિશાળી છે. અમેરિકામાં માત્ર કોંગ્રેસ (સંસદ) જ અમેરિકન લોકો પર ટેક્સ લાદી શકે છે.

**કોણ છે નીલ કાત્યાલ?**

**જન્મ અને શિક્ષણ:** નીલ કાત્યાલનો જન્મ 12 માર્ચ, 1970ના રોજ શિકાગોમાં ભારતીય ઇમિગ્રન્ટ માતા-પિતા (ડોક્ટર માતા અને એન્જિનિયર પિતા) ને ત્યાં થયો હતો. તેમણે ડાર્ટમાઉથ કોલેજ અને યેલ લો સ્કૂલમાંથી અભ્યાસ કર્યો છે.

**વ્યાવસાયિક કારકિર્દી:** તેઓ અમેરિકાના પૂર્વ એક્ટિંગ સોલિસિટર જનરલ (બરાક ઓબામાના શાસનકાળમાં) રહી ચૂક્યા છે. હાલમાં તેઓ 'મિલબેંક એલએલપી' (Milbank LLP) માં પાર્ટનર છે અને જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં લો પ્રોફેસર તરીકે સેવા આપે છે.

**રેકોર્ડ:** તેમણે સુપ્રીમ કોર્ટમાં 50થી વધુ કેસ લડ્યા છે, જે કોઈપણ લઘુમતી સમુદાયના વકીલ માટે એક રેકોર્ડ છે.

**કેસમાં તેમની ભૂમિકા અને જીત:**

નીલ કાત્યાલે દલીલ કરી હતી કે અમેરિકામાં ટેક્સ (ટેરિફ) લાદવાની સત્તા માત્ર કોંગ્રેસ (સંસદ) પાસે છે, રાષ્ટ્રપતિ પાસે નહીં.

સુપ્રીમ કોર્ટે 6-3ના બહુમતીથી તેમની દલીલો સ્વીકારી અને ટ્રમ્પના ટેરિફને ગેરબંધારણીય જાહેર કર્યા.

# ટ્રમ્પે ન્યાયાધીશોને 'મૂર્ખ અને પાલતુ' ગણાવ્યા

**પોતે** જેમની નિમણૂક કરી હતી તે જજોને ખાસ નિશાન બનાવ્યા

**ટ્રમ્પે** જજો પર આ રીતે વ્યક્તિગત હુમલો કર્યો તેની વરિષ્ઠ નિષ્ણાતે ટીકા કરી

વોશિંગ્ટન, તા. ૨૧(AP): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સુપ્રીમ કોર્ટ પ્રત્યેની જે દ્રષ્ટિ હતી–જેમાં તેમના દ્વારા નિયુક્ત ત્રણ ન્યાયાધીશો તેમના પ્રત્યે વ્યક્તિગત રીતે વફાદાર રહે–તે શુક્રવારે કોર્ટના પોતાના દ્રષ્ટિકોણ સાથે ટકરાઈ હતી. જ્યારે છ ન્યાયાધીશોએ કટોકટી સત્તાના કાયદા હેઠળ લાદવામાં આવેલી વૈશ્વિક ટેરિફની ટ્રમ્પની મહત્વની આર્થિક નીતિને રદ કરવા માટે મતદાન કર્યું હતું. ટ્રમ્પે તેમની વિરુદ્ધ ચુકાદો આપનાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો પર આકરા પ્રહારો કર્યા હતા અને તેમને મૂર્ખ અને પાલતુ (લેપડોગ્સ) ગણાવ્યા હતા. શુક્રવારે વ્હાઇટ હાઉસ ખાતે પત્રકાર પરિષદમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, ટેરિફ પર સુપ્રીમ કોર્ટનો ચુકાદો અત્યંત નિરાશાજનક છે. કોર્ટના અમુક સભ્યોએ આપણા દેશ માટે જે સાચું છે તે કરવાની હિંમત ન બતાવી તે બદલ મને ખરેખર શરમ આવે છે.

# ભારતમાંથી નક્સલવાદ 31 માર્ચ 2026 સુધીમાં ખતમ થઈ જશે: ગૃહમંત્રી

**સીઆરપીએફના** જવાનોએ 21 દિવસના ઓપરેશનમાં નક્સલવાદીઓના ગઢનો સફાયો કર્યો: શાહ

ગુવાહાટી, તા. 21 (PTI): કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શનિવારે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી 31 માર્ચની સમયમર્યાદા સુધીમાં દેશમાંથી નક્સલવાદને ખાત્મો કરી દેવામાં આવશે.

અહીં 87મા સીઆરપીએફ ડે પરેડને સંબોધતાં - જે ઉત્તર-પૂર્વમાં પ્રથમ વખત યોજાઈ હતી - શાહે કહ્યું કે, આ દળે જમ્મુ અને કાશ્મીરમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે, જ્યાં પથ્થરમારાની ઘટનાઓની સંખ્યા શૂન્ય થઈ ગઈ છે. આ ઉપરાંત, મણિપુરમાં વંશીય હિંસાને સંભાળવા અને માત્ર ત્રણ વર્ષમાં માઓવાદીઓની કમર તોડવામાં પણ આ દળ તૈનાત કરવામાં આવ્યું છે.

શાહે કહ્યું કે, નક્સલવાદ દેશના 12 રાજ્યો અને અસંખ્ય જિલ્લાઓમાં ફેલાયેલો હતો અને જ્યારે કેન્દ્રએ આ સમસ્યાને જડમૂળથી ઉખેડી નાખવાનો સંકલ્પ કર્યો ત્યારે સીઆરપીએફ અને કોબ્રા ફોર્સના જવાનોએ આ પ્રયાસમાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

ગૃહમંત્રીએ નોંધ્યું હતું કે, આટલું મોટું, જટિલ અને મુશ્કેલ કાર્ય માત્ર ત્રણ વર્ષમાં પૂર્ણ કરવામાં આવ્યું છે.

શાહે વિશ્વાસપૂર્વક જણાવ્યું હતું કે, ''સીઆરપીએફના જવાનોને કારણે અમે વિશ્વાસ સાથે કહી શકીએ છીએ કે 31 માર્ચ, 2026 સુધીમાં દેશ નક્સલવાદથી સંપૂર્ણપણે મુક્ત થઈ જશે.''

છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર કારેગુટા ટેકરીઓમાં 'ઓપરેશન બ્લેક ફોરેસ્ટ' માટે દળના વખાણ કરતાં, જેમાં એપ્રિલ-મે 2025માં 31 નક્સલવાદીઓ માર્યા ગયા હતા, શાહે કહ્યું કે, સીઆરપીએફના જવાનોએ અત્યંત પડકારજનક ભૌગોલિક પરિસ્થિતિઓમાં 45 ડિગ્રી સેલ્સિયસના કાળઝાળ તાપમાનમાં 21 દિવસ સુધી આ ઓપરેશન ચલાવ્યું હતું અને નક્સલવાદીઓના ગઢનો સફાયો કર્યો હતો.

# ઉત્તરી પાકિસ્તાનમાં 4.4ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો

**જાનહાનિ** કે નુકસાનના કોઇ અહેવાલ નહીં

ઈસ્લામાબાદ, તા. 21 (PTI): શનિવારે ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના કેટલાક ભાગોમાં 4.4ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો, જે છેલ્લા બે દિવસમાં દેશમાં આવેલો બીજો ભૂકંપ છે. જાનહાનિ કે નુકસાનના તાત્કાલિક કોઈ સમાચાર પ્રાપ્ત થયા નથી.

નેશનલ સિસ્મિક મોનિટરિંગ સેન્ટર, ઈસ્લામાબાદના જણાવ્યા અનુસાર, સવારે 9:30 વાગ્યે (સ્થાનિક સમય મુજબ) આવેલા આ ભૂકંપનું ઉદગમ સ્થાન 14 કિલોમીટરની ઊંડાઈએ હતું અને તેનું કેન્દ્રબિંદુ અટોકના બુરહાનથી 11 કિલોમીટર ઉત્તર-પૂર્વમાં સ્થિત હતું.

ખૈબર પખ્તુનખ્વાના ભાગો તેમ જ ઈસ્લામાબાદ અને રાવલપિંડીમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. શનિવાર સવારનો આ ભૂકંપ શુક્રવારે ખૈબર પખ્તુનખ્વા અને પંજાબ પ્રાંતના ભાગોમાં આવેલા 5.9 ની તીવ્રતાના ભૂકંપના 24 કલાકથી ઓછા સમયમાં આવ્યો છે. શુક્રવારના ભૂકંપના આંચકા પેશાવર અને ઈસ્લામાબાદ સહિત અનેક શહેરોમાં અનુભવાયા હતા.

સાંજે 6:09 વાગ્યે (સ્થાનિક સમય મુજબ) આવેલા તે ભૂકંપનું કેન્દ્રબિંદુ અફઘાનિસ્તાનના હિંદુ કુશ પ્રદેશમાં 101 કિલોમીટરની ઊંડાઈએ હતું.

# એઆઇ સમિટમાં 'શર્ટલેસ' વિરોધ પ્રદર્શનને લઈને કોંગ્રેસ અનેક પક્ષોના નિશાના પર

**બીએસપીનાં** વડાં માયાવતી સહિત અન્ય રાજકીય પક્ષોના નેતાઓએ કોંગ્રેસની આકરી ટીકા કરી

નવી દિલ્હી, તા. 21 (PTI): અહીં યોજાયેલી 'ઇન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ'માં યુથ કોંગ્રેસના કાર્યકરો દ્વારા કરવામાં આવેલા 'શર્ટલેસ' (અર્ધનગ્ન) વિરોધ પ્રદર્શન સામે શનિવારે અનેક રાજ્યોમાં ભાજપના કાર્યકરોએ ઉગ્ર દેખાવો કર્યા હતા. ભાજપે વિરોધ પક્ષ પર વૈશ્વિક મંચ પર ભારતની બદનામી કરવાનો આરોપ લગાવ્યો હતો.

મહારાષ્ટ્રના થાણેમાં કોર્ટની સુનાવણીમાં હાજરી આપવા જઈ રહેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને ભાજપના કાર્યકરોએ કાળા વાવટા બતાવ્યા હતા, જ્યારે ભારતીય જનતા યુવા મોરચા (બીજેવાયએમ) ના કાર્યકરોએ જમ્મુ, જયપુર, પટણા, બેંગલુરુ, પંચકુલા અને ઈન્દોર સહિતનાં અન્ય સ્થળોએ વિરોધ પ્રદર્શન કર્યાં હતાં.

બહુજન સમાજ પાર્ટી (બીએસપી) નાં વડાં માયાવતી સહિત અન્ય રાજકીય પક્ષોના નેતાઓએ પણ સમિટના સ્થળે થયેલા વિરોધ પ્રદર્શન બદલ કોંગ્રેસની આકરી ટીકા કરી હતી.

શુક્રવારે ભારતીય યુવા કોંગ્રેસ (આઈવાયસી)ના કાર્યકરોના એક જૂથે એઆઈ સમિટના સ્થળ ભારત મંડપમમાં આવેલા એક્ઝિબિશન હોલમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને થોડો સમય વિરોધ પ્રદર્શન કર્યું હતું, જે બાદ સુરક્ષાકર્મીઓ તેમને ત્યાંથી લઈ ગયા હતા.

યુથ કોંગ્રેસના કાર્યકરોએ નાટ્યાત્મક રીતે 'શર્ટલેસ' વિરોધ કર્યો હતો, જેમાં તેઓ સરકાર અને ભારત-અમેરિકા વેપાર કરાર વિરુદ્ધ સૂત્રો લખેલા ટી-શર્ટ હાથમાં પકડીને ફરી રહ્યા હતા.

દિલ્હીની એક અદાલતે શનિવારે સમિટના સ્થળે વિરોધ કરવા બદલ ધરપકડ કરાયેલા ચાર આઈવાયસી કાર્યકરોને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે.

# કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં IED મળી આવી



શ્રીનગર, તા. ૨૧ (PTI): જમ્મુ-કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં સુરક્ષા દળોએ શનિવારે એક ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) શોધી કાઢી હતી અને તેને નષ્ટ કરી હતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ આઈઈડી એક બેગની અંદર રાખવામાં આવી હતી અને જિલ્લાના સફાપોરા વિસ્તારમાં કોહેસ્તાન કોલોની પાસે ગુલાબ શેખ મોહલ્લામાં રસ્તાના કિનારે મૂકવામાં આવી હતી.અધિકારીઓએ જણાવ્યું હતું કે, સુરક્ષા દળોએ વિસ્તારને કોર્ડન કરી લીધો હતો અને વાહનવ્યવહાર અટકાવી દીધો હતો. અધિકારીએ ઉમેર્યું હતું કે, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડને ઘટનાસ્થળે બોલાવવામાં આવી હતી અને કોઈપણ નુકસાન પહોંચાડ્યા વિના આઈઈડીનો નાશ કરવામાં આવ્યો હતો.

### ટ્રમ્પના વળતા પગલાંથી મુશ્કેલી વધી

# ટેરિફ અંગેના ચુકાદા બાદ વેપારી જગતમાં અનિશ્ચિતતા

ન્યૂયોર્ક, ૨૧ ફેબ્રુઆરી (AP): સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈમરજન્સી પાવર્સ હેઠળ લાદવામાં આવેલા ટેરિફને રદ કર્યા બાદ વેપારી જગત નવી અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યું છે. બીજી તરફ, ટ્રમ્પે તેમના ટેરિફ ચાલુ રાખવા માટે કાયદાકીય છટકબારીઓનો ઉપયોગ કરવાની શપથ લીધી છે.

**વેપારીઓનો સંઘર્ષ ચાલુ રહેશે**

ટ્રમ્પના અડગ વલણને જોતા ઘણા વ્યવસાયો આગામી વર્ષો સુધી કાનૂની લડાઈ માટે તૈયાર છે.

**રમકડાં ઉદ્યોગ:** ફ્લોરિડાની કંપની 'બેઝિક ફન'ના સીઈઓ જય ફોરમેન કહે છે કે તેમને રમકડાં પર નવા ટેરિફની ચિંતા નથી, પરંતુ તેઓ આગામી ત્રણ વર્ષ સુધી આ સતત ચાલનારી કાનૂની લડાઈથી ચિંતિત છે.

**વાઈન વેપારીઓ:** ન્યૂયોર્કના વાઈન વેપારી ડેનિયલ પોઝનર મૂંઝવણમાં છે કે સોમવારે આવનાર તેમનો માલ નવા ૧૦ ટકા ટેરિફ હેઠળ આવશે કે નહીં.

**કોફી નિકાસકારો:** મિશિગનના રોન કુર્નિક કહે છે, "આ એક એવું દુ:સ્વપ્ન છે જેમાંથી અમે જાગવા માંગીએ છીએ." તેમની કંપનીએ ટેરિફના કારણે બે વાર ૬ ટકા ભાવ વધારો કર્યો છે.

**વિવિધ ઉદ્યોગોની સ્થિતિ**

**રિટેલ ક્ષેત્ર:** 'નેશનલ રિટેલ ફેડરેશન'એ આશા વ્યક્ત કરી છે કે નીચલી અદાલતો રીફંડની પ્રક્રિયાને સરળ બનાવશે. રિટેલર્સ અત્યાર સુધી ખર્ચ ઘટાડીને અથવા ગ્રાહકો પર બોજ નાખીને ટેરિફનો સામનો કરી રહ્યા હતા.

**ટેકનોલોજી:** ટેક કંપનીઓ માટે આ ટેરિફ માથાનો દુખાવો સાબિત થયા છે કારણ કે તેમના ઘણા ભાગો વિદેશથી આયાત થાય છે. તેમને આશા છે કે આ ચુકાદાથી વેપાર નીતિમાં સ્થિરતા આવશે.